જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૬/૦૯/૨૦૨૩ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૨૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૧૯૨ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૦૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૩૬ બિયર ટીન, ૧ રિક્ષા, ૧ ઈક્કો ગાડી અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૨૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૨૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૫૨૯/૨૦૨૩

**શાહપુરઃ** અદનાનમેહંદી મોહંમદઅલી મિરજા (ઉ.વ.૨૩) (રહે. એમ.બી.ટાવર ખાનપુર શાહપુર) એ તા.૧૫/૦૯/૨૦૨૩ ના રોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અદનાનમેહંદી મિરજા સિંગાપુર ખાતે પાયલેબર વિસ્તારમાં ટી.એમ.સી. એકેડમી નામની કોલેજમાં હોટલ મેનેજમેન્ટનો અભ્યાસ કરતા હોઈ ત્યા રીયાઝ અબ્દુલ ઉર્ફે અયાન (રહે.લબ્બાસા ફીજી) નામની વ્યક્તિ સાથે મુલાકાત થતા તેણે પોતાની ઓળખ ઓસ્ટ્રેલીયામાં ઈમીગ્રેશન ઓફીસરની ઓળખ આપી સંપર્કમાં રહી "ઓસ્ટ્રેલીયા ખાતે હોટલ મેનેજમેન્ટ કરશો તો સારી નોકરી મળશે" તેમ કહી અદનાનમેહંદી મિરજાને વિશ્વાસમાં લઈ અદનાનમેહંદી મિરજાને અભ્યાસ છોડાવી દીધો હતો. જેથી અદનાનમેહંદી મિરજા સિંગાપુરથી ભારત પોતાના ઘરે આવી ગયા હતા. ત્યારબાદ તા.૦૧/૦૫/૨૦૨૩ ના રોજ રીયાઝ અબ્દુલ ઉર્ફે અયાન શાહપુર ખાનપુર કામા હોટલ ખાતે આવેલ અને અદનાનમેહંદી મિરજાને હોટલ ખાતે બોલાવી મુલાકાત કરી અસલ પાસપોર્ટ અને ઓસ્ટ્રેલીયાના વર્ક વિઝા પ્રોસેસીંગ પેટે રૂપિયા ૧,૦૩,૦૦૦/- તેમજ અન્ય અદનાનમેહંદી મિરજાના ઓળખીતા ૯ સાહેદ પાસેથી મળી કુલ રૂપિયા ૮,૦૨,૦૦૦/- મેળવી લઈ આજદિન સુધી ઓસ્ટ્રેલીયાના વર્ક વિઝા નહી અપાવી તેમજ તમામના અસલ પાસપોર્ટ લઈ નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.સી.દેસાઇ ચલાવે છે.

**સોનાની ચેઇન ઝુટવી લઈ નાસી ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૦/૨૦૨૩**

**મણીનગરઃ** વૃષ્ટી જીતેન્દ્રકુમાર પ્રજાપતિ (ઉ.વ.૨૨) (રહે. સ્મૃતિવિહાર સોસાયટી પી.ડી.પંડયા કોલેજ રોડ ઘોડાસર) તા.૦૫/૦૯/૨૦૨૩ રાતના ૧૦/૪૫ વાગ્યાના સુમારે મણીનગર ગોપાલ ચોક અરુધતી સોસાયટી નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સ્પ્લેન્ડર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ વૃષ્ટી પ્રજાપતિના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૧૮,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વૃષ્ટી પ્રજાપતિએ તા.૧૫/૦૯/૨૦૨૩ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગૌસ્વામી ચલાવે છે.

**ત્યજી દિધેલ શિશુ મળી આવવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૧/૨૦૨૩**

**ઓઢવઃ** તા.૧૫/૦૯/૨૦૨૩ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે ઓઢવ નવરંગ ચાર રસ્તા અમરનાથ એસ્ટેટ શેડ નંબર-૩ "બાલાજી મેટલ" નામના કારખાનાની બહારથી નવજાત શિશુ (પુરુષ) ત્યજી દિધેલ જીવીત હાલતમાં મળી આવતા ઓઢવ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૨/૨૦૨૩**

**"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** ગણેશ સિપાહી રાજભર (ઉ.વ.૪૩) (રહે. પીપળજ અમદાવાદ) તા.૧૫/૦૯/૨૦૨૩ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પીપળજ પીરાણા રોડ રાજ વજન કાંટાની ગલીમાં પ્લોટ નંબર-૩૬ નજીક કચરો વિણતા હતા ત્યારે ડમ્પર નંબર જીજે ૦૧ એફટી ૪૪૪૧ ના ચાલકે ડમ્પર બેદરકારીથી રીવર્સમાં ચલાવતા ગણેશ રાજભર ઉપર ડમ્પર ચઢી જતા ગંભીર ઈજાઓ થતા તેઓનુ સ્થળ ઉપર જ મૃત્યું નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર ગણેશ રાજભરના પત્ની અનીતા રાજભરે "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.બી.અગ્રાવત ચલાવે છે.

**ત્રીજા માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૩/૨૦૨૩**

**નારોલઃ** નારોલ અનુષ્ઠાન બંગ્લોઝ સામે અનમોલ સ્કાઇ નવી બનતી સાઇટ ખાતે રહેતા અને ત્યા જ મજુરી કામ કરતા રાજેન્દ્ર હલીયા રોત (ઉ.વ.૩૧) (મુળ વતન. ગામ.ઝોથરી પાલ તળાવ ફળીયુ તા.ઝોથરી જી.ડુંગરપુર રાજસ્થાન) તા.૧૫/૦૯/૨૦૨૩ કલાક ૮/૩૦ વાગ્યા પહેલા સાઇટ ખાતે સી-બ્લોકના ત્રીજા માળથી પડી જતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૪/૨૦૨૩**

**વાડજઃ** નવા વાડજ રામાપીરનો ટેકરો પુરપીડીતનગર વિભાગ-૨ ખાતે રહેતા વિનોદભાઈ હિરાભાઈ વઘોરા નાઓની ચૌદ વર્ષની પુત્રી આરતી એ અગમ્ય કારણસર તા.૧૪/૦૯/૨૦૨૩ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.જે.હળવદિયા ચલાવે છે.

**નરોડાઃ** મણીનાથ સ/ઓ બંગાલીરામ રામ (ઉ.વ.૩૯) (રહે. આશિર્વાદ એવન્યુ ફલેટ શેલ્બી હોસ્પીટલ સામે નરોડા) એ ગંભીર બિમારીથી કંટાળી તા.૧૪/૦૯/૨૦૨૩ કલાક ૧૦/૦૦ થી તા.૧૫/૦૯/૨૦૨૩ સવારના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રહેણાંકના ધાબા ઉપર લોખંડની એંગલ સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આઝાદસિંહ દલજીતસિંહ ચલાવે છે.

**નારોલઃ** નારોલ શાહવાડી ઇશ્વરનગરની બાજુમાં ઉમિયાનગર ખાતે રહેતા અમીષા ડો/ઓ પર્વતભાઇ પરમાર (ઉ.વ.૧૭) (મુળ વતન. ગામ-મેખર તા-મોરવાહડફ જિ-પંચમહાલ) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૯/૨૦૨૩ કલાક ૨/૩૦ વાગ્યા પહેલા રહેણાંક ખાતે છતની લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.એ.ઘાસુરા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી